# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૯૮ તા.૨૯-૧૦-૧૫

**તાકિદનુ -આચાર સંહિતા-ગુજરાત વિધાનસભા સામાન્ય ચૂંટણી**

ફક્ત મ્યુનિ.શાળાઓ માટે જ,

વિષય :- અમદાવાદ મહાનગરપાલિકાની સામાન્ય ચૂંટણી -૨૦૧૫ મુક્ત અને ન્યાયી વાતાવરણમાં યોજવા અંગેની આદર્શ આચાર સંહિતાના અમલ બાબત

સંદર્ભ :- ઈલેક્શન ખાતુ ઈ.એલ.આર.નં-૧૮૯ તા.૨૩-૧૦-૧૫

આથી તમામ મ્યુનિ.શાળાઓને જણાવવામાં આવે છે કે,રાજ્ય ચૂંટણીપંચ,ગાંધીનગરની કચેરી દ્વારા અમદાવાદ મહાનગરપાલિકાની સામાન્ય ચૂંટણી-૨૦૧૫ તા.૨૨-૧૧-૧૫ના રોજ યોજવા સારૂ તા.૨૩-૧૦-૧૫ના રોજ જાહેરાત કરવામાં આવેલ છે. આથી ચૂંટણી અનુસંધાને આચાર સંહિતાનો અમલ કરવાનો રહે છે. તે બાબત અંગે સચિવશ્રી રાજ્ય ચૂંટણીપંચ ગાંધીનગરનાં આચાર સંહિતા શુ કરવું શુ ન કરવું બાબતે આદેશ ક્રમાંક-રાચપ/ચટણ/સીઓસી/સ્થા.સ્વ./૧૩૮(૧)/૧૨૨૦૦૯/ક તા.૬-૧-૧૦ તથા મુખ્ય ચૂંટણી અધિકારીશ્રી ગુજરાત રાજ્ય દ્વારા કરવામાં આવેલ પરિપત્ર મુજબ સ્કૂલ બોર્ડે પણ તેનો અમલ કરવાનો થાય છે. તો તે મુજબની શાળાને લગતી નીચે મુજબની સૂચનાઓનો કડકપણે અમલ કરશો અને કરાવશો.જો આ હૂકમના પાલનમાં ચૂક થશે તો તે અંગે ની જવાબદારી જે તે કર્મચારીની રહેશે.

૧) રાજકીય પક્ષો અને ચૂંટણીના ઉમેદવારો દ્વારા જાહેર મિલકત ઉપર કોઈપણ જાતના લખાણ,સૂત્રો,ધ્વજદંડ કે પોસ્ટર લગાડી કે ચોંટાડી શકાશે નહી.તેથી શાળાની કંપાઉન્ડ વોલ પર આ પ્રમાણેની પ્રચારને લગતી કોઈપણ કાર્યવાહી કરવા દેવી નહી.આ અંગે શાળાના પગીને તથા સિક્યુરીટી ગાર્ડને પણ લેખિત સૂચના આપવી અને પરિપત્રમાં નોંધ લેવડાવવી.

૨) ચૂંટણીના સમયગાળા દરમિયાન શાળાના કંપાઉન્ડમાં અંદરની બાજુએ વિશાળ કટઆઉટ,જાહેરાતના પાટીયાં બેનર વિગેરે રાજકિય પક્ષો કે ચૂંટણીના ઉમેદવારોને મુકવા દેવા નહી.

૩) શાળાના કંપાઉન્ડમાં ચૂંટણીને લગતી કોઈ સભાઓ કે મિટીંગો કરવા દેવી નહી.શાળાના કંપાઉન્ડમાં બહારની કોઈપણ અનધિકૃત વ્યક્તિ સાથે ચૂંટણીને લગતી ચર્ચા કરવી નહીં,તથા સ્ટાફનો કોઈ કર્મચારી આ પ્રવૃત્તિ ન કરે તેનું ધ્યાન આપવું.

૪) શાળાની કંપાઉન્ડ વોલ ઉપર તમારી જાણ બહાર પોસ્ટર લાગે કે ચૂંટણીને લગતી અન્ય કાર્યવાહી થયેલ જણાય તો તાત્કાલિક આ અંગેની જાણ તમારા ઝોનના આસિ.એ.ઓ.શ્રીને કરવી.

૫) સ્કૂલ બોર્ડના કોઈપણ કર્મચારીઓની આચાર સંહિતાના સમયગાળા દરમ્યાન લાંબી રજા મંજૂર કરવામાં આવશે નહી, તથા અનિવાર્ય કારણ સિવાય કેજ્યુઅલ રજા પણ મંજૂર કરવામાં આવશે નહી.જેથી અત્રે કોઈએ ભલામણ કરવી નહી.

૬) આ સાથે રાજ્ય ચૂંટણીપંચ,ગાંધીનગરનો આદેશ ઈ.એલ.આર.નં-૧૮૯ તા.૨૩-૧૦-૧૫ની નકલ સામેલ છે.જેની નોંધ શાળાના તમામ કર્મચારીઓને લેવડાવશો,તેમજ જરૂર પડ્યે મુખ્ય ઓફિસે સંપર્ક કરવાનો રહેશે.

તા.૨૯-૧૦-૧૫

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી